ગુજરાત વહીવટી તંત્રમાં ધરખમ ફેરફાર, 72 IASની સામૂહિક બદલી

સુરતના કલેક્ટર સૌરભ પારઘીના સ્થાને તેજસ પરમારની નિમણૂંક

દેવ ચૌધરી તાપી-વ્યારા કલેક્ટર અને ડો. નવનાથ ગવહાણેને ભરૂચ કલેક્ટર તરીકે મુકાયા

અનેક જિલ્લાઓમાં નવા કલેક્ટર અને મનપા કમિશનરોની નિમણૂક

ગાંધીનગરઃ ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વહીવટી તંત્રમાં મોટા પાયે ફેરફારો કરવામાં આવ્યા છે. સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા મોડી રાત્રે જાહેર કરાયેલા આદેશ અનુસાર કુલ 72 IAS અધિકારીની બદલી તથા નવી નિમણૂકો કરવામાં આવી છે. રાજ્ય સરકારના આ વ્યાપક ફેરફાર બાદ અનેક જિલ્લાઓમાં નવા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર તેમજ વિવિધ સરકારી નિગમો અને સંસ્થાઓમાં નવા અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. સુરતના કલેક્ટર સૌરભ પારઘીના સ્થાને તેજસ પરમારની નિમણૂંક કરાઈ છે.

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, નવી બનેલી મહાનગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોમાં અનુભવી અધિકારીઓની નિમણૂક કરીને વિકાસ કાર્યોને વધુ વેગ આપવા સરકારનો પ્રયાસ જોવા મળી રહ્યો છે. જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર ડી.એન. મોદીને ગાંધીનગર ડેવલપમેન્ટ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અમદાવાદ કલેક્ટર સુજીત કુમારને સ્ટેટ ટેક્સ વિભાગના સ્પેશિયલ કમિશનર તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે. સુરત કલેક્ટર ડો. સૌરભ પારઘીને સિવિલ સપ્લાયઝ વિભાગના ડિરેક્ટર બનાવવામાં આવ્યા છે, જ્યારે ભરૂચ કલેક્ટર ગૌરાંગ મકવાણાને GEDAના ડિરેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે.

નર્મદા-રાજપીપળાના કલેક્ટર સંજય મોદીને GSTDREISના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. મોરબી કલેક્ટર કિરણ ઝવેરી હવે નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર તરીકે સેવા આપશે. નવસારી કલેક્ટર ક્ષિપ્રા અગ્રેને MSME કમિશનર બનાવવામાં આવ્યા છે, જ્યારે દાહોદ કલેક્ટર યોગેશ નિરગુડેને એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર તરીકે નિમણૂક આપવામાં આવી છે.

રાજ્ય સરકારે જિલ્લાકક્ષાએ પણ મોટા ફેરફારો કર્યા છે. વલસાડ કલેક્ટર ભવ્ય વર્માને અમદાવાદના નવા કલેક્ટર બનાવવામાં આવ્યા છે. તેજસ પરમારને સુરત કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે યોગેશ ચૌધરીને જૂનાગઢના કલેક્ટર તરીકે જવાબદારી સોંપાઈ છે.

72 IAS અધિકારીની બદલીની મુખ્ય યાદી

1. ડી.એન. મોદી- જામનગરથી ગાંધીનગર ડેવલપમેન્ટ કમિશનર
2. આનંદ બાબુલાલ પટેલ- કચ્છથી કમિશનર ઓફ સ્કૂલ્સ
3. સુજીત કુમાર- અમદાવાદથી સ્પેશિયલ કમિશનર ઓફ સ્ટેટ ટેક્સ
4. અજય પ્રકાશ- GEDAથી GETCOના MD
5. ડો. સૌરભ પારઘી- સુરતથી ડિરેક્ટર, સિવિલ સપ્લાય
6. ગૌરાંગ મકવાણા- ભરૂચથી ડિરેક્ટર, GEDA
7. સંજય મોદી- નર્મદાથી GSTDREIS એક્ઝિક્યુટિવ ડિરેક્ટર
8. કિરણ ઝવેરી- મોરબીથી નડિયાદ મ્યુનિસિપલ કમિશનર
9. ક્ષિપ્રા અગ્રે- નવસારીથી MSME કમિશનર
10. યોગેશ નિરગુડે- દાહોદથી એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર
11. અમિત પ્રકાશ યાદવ- ખેડાથી એડિશનલ કમિશનર ઓફ ઇન્ડસ્ટ્રીઝ
12. એન.વી. ઉપાધ્યાય- ગીર-સોમનાથથી ખેડા કલેક્ટર
13. પ્રભવ જોષી- ટુરિઝમ કોર્પોરેશનથી જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનર
14. પ્રશસ્તિ પરીખ- અરવલ્લીથી ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની MD
15. ડો. જીન્સી રોય- બોટાદથી ગુજરાત ઇન્ફોર્મેટિક્સ MD
16. અનિલકુમાર રણવાસિયા- જૂનાગઢથી કચ્છ કલેક્ટર
17. મયુર મહેતા- સિવિલ સપ્લાયથી વાવ-થરાદ કલેક્ટર
18. જિતેન્દ્ર વાઘેલા- ગાંધીનગરથી ગીર-સોમનાથ કલેક્ટર
19. જે.એસ. પ્રજાપતિ- વાવ-થરાદથી ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર
20. એચ.એમ. વોરા- સાબરકાંઠાથી બોટાદ કલેક્ટર

આર્થિક કટોકટીને ખાળવા સરકાર ક્યાં વધુ આકરાં પગલાં લેવાની તૈયારી કરી રહી છે?

ટ્રુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ચૂંટણીઓ દરમિયાન ચિક્કાર રોડ શો કરી લીધા પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અચાનક યાદ આવ્યું છે કે ઈરાન યુદ્ધને કારણે ભારતનું અર્થતંત્ર અત્યંત નાજુક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, જેને પાટા પર લાવવા માટે દરેક દેશવાસીએ બલિદાન આપવા તૈયાર રહેવું પડશે. મોદીના કહેવા મુજબ ભારતનાં લોકોએ પેટ્રોલ અને ડિઝલનો વપરાશ ઘટાડવો જોઈએ, એક વર્ષ સુધી સોનું ન ખરીદવું જોઈએ, વર્ક ફ્રોમ હોમની તૈયારી કરી લેવી જોઈએ, ખાદ્ય તેલનો વપરાશ પણ ઘટાડવો જોઈએ, સ્કૂલો અને કોલેજો ઓનલાઈન ચલાવવી જોઈએ, બિનજરૂરી વિદેશયાત્રાઓ ટાળવી જોઈએ અને ખેડૂતોએ રાસાયણિક ખાતરના વપરાશમાં ૫૦ ટકાનો ઘટાડો કરવો જોઈએ. મોદીનાં આ સૂચનો સાંભળ્યા પછી દરેક નાગરિક ચિંતામાં મૂકાઈ ગયો છે કે ટૂંકમાં સરકાર તરફથી મોટાં પગલાંઓ આવી રહ્યાં છે, જેમાં આંશિક લોકડાઉન જેવી પરિસ્થિતિ પેદા કરવામાં આવશે. વડા પ્રધાને એક વર્ષ સુધી સોનું ન વાપરવાનો ઉપદેશ આપ્યો તેના ૨૪ કલાકમાં સોના અને ચાંદી પરની આયાત જકાત ૬ ટકાથી વધારીને ૧૫ ટકા કરી દેવામાં આવી છે. તેવી જ રીતે પેટ્રોલ અને ડિઝલના ભાવમાં મોટો વધારો આવી શકે તેમ છે. અહીં સવાલ એ થાય છે કે દેશની આર્થિક હાલત પહેલેથી જ ખરાબ હતી કે ઈરાન યુદ્ધને કારણે આર્થિક કટોકટી પેદા થઈ છે? શું મોદી સરકાર દ્વારા ૧૨ વર્ષના ગેરવહીવટ દ્વારા જે કટોકટી પેદા થઈ તેનો ટોપલો ઈરાન યુદ્ધ પર ઢોળાઈ રહ્યો છે?

ઘણાં લોકોએ સોશ્યલ મીડિયા પર એવા પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા કે જે નેતાઓ સામાન્ય નાગરિકોને ઇંધણ બચાવવાની અપીલ કરે છે તેઓ પોતે મોટા કાફલા અને રોડ શો કેવી રીતે ચાલુ રાખી રહ્યા છે. મોદી સાહેબની અપીલ પછી ગુજરાતના ગવર્નર અને મુખ્ય મંત્રી સહિતના નેતાઓએ પોતાના કાફલામાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. ગુજરાતના ગવર્નર દેવવ્રત આચાર્યે તો એસ.ટી. બસમાં મુસાફરી કરવાની જાહેરાત કરી છે, પરંતુ આ જાહેરાતો માત્ર પ્રસિદ્ધિ માટે હોય તેવું જણાય છે. સરકાર આર્થિક મોરચે નિષ્ફળ ગઈ છે તે હકીકત બહાર આવી ગઈ છે.

૧૯૬૫માં ખાદ્ય સંકટ અને યુદ્ધ દરમિયાન તત્કાલીન વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ લોકોને સોમવારે સાંજે સ્વૈચ્છિક ઉપવાસ કરવાની અપીલ કરી હતી. સમાજવાદી નેતા મધુ લિમયેએ સંસદમાં તેનું સમર્થન કરતા કહ્યું હતું કે સ્વૈચ્છિક તપસ્યા મુશ્કેલ સમયમાં નાગરિક ફરજ છે અને રાજકીય વર્ગે ફક્ત અપીલ કરવાને બદલે એક ઉદાહરણ બેસાડવું જોઈએ. ભારતની દરેક સરકાર માટે વિદેશી હૂંડિયામણ ભંડારને સંતુલિત રાખવું એક પડકાર રહ્યો છે. ૧૯૯૦ માં ગલ્ફ વોર શરૂ થઈ તેની સીધી અસર ભારત પર પડી હતી. વૈશ્વિક સ્તરે તેલના ભાવમાં વધારો થયો અને ભારતને પણ તેની અસર થઈ. ૧૯૯૦-૯૧માં પેટ્રોલિયમ આયાત બિલ ૨ અબજ ડોલરથી વધીને ૫.૭ અબજ ડોલર થયું, જેનું મુખ્ય કારણ તેલના ભાવમાં વધારો હતું. ભારતનો હૂંડિયામણનો ભંડાર ખાલી થઈ જતાં રિઝર્વ બેન્કનું સોનું ગિરવે મૂકવાની ફરજ પડી હતી. ૨૧ જૂન ૧૯૯૧ના રોજ જ્યારે પી.વી. નરસિંહ રાવ વડા પ્રધાન બન્યા, ત્યારે એવું લાગતું હતું કે ભારત નિયત તારીખે વિદેશી દેવું ચૂકવી શકશે નહીં અને તેને ડિફોલ્ટર જાહેર કરવામાં આવશે. પી.વી. નરસિંહ રાવે નાણાં મંત્રી મનમોહન સિંહ દ્વારા અનેક આર્થિક સુધારા કર્યા અને ભારતીય અર્થતંત્રમાં મૂળભૂત ફેરફારો લાવ્યા, જેનાથી પરિસ્થિતિ નિયંત્રણમાં આવી ગઈ હતી.

ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર હાલમાં આશરે ૭૦૦ અબજ ડોલર છે, છતાં મોદી આવી અપીલ કેમ કરી રહ્યા છે?

દિલ્હી સ્થિત ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ (GTRI) ના ડિરેક્ટર અજય શ્રીવાસ્તવ કહે છે કે ભારતનું આયાત-નિકાસ સંતુલન હજુ પણ પાટા પર પાછું આવ્યું નથી. આપણી ઊર્જાની જરૂરિયાતોમાં નોંધપાત્ર વધારો થયો છે. ઇલેક્ટ્રોનિક્સ અને સોનાની આયાત પણ વધી છે. આવી સ્થિતિમાં ૭૦૦ અબજ ડોલર પણ અપૂરતા સાબિત થઈ રહ્યા છે. ભૂતકાળમાં આયાત નિકાસ કરતાં વધી ગઈ હતી અને આજે પણ પરિસ્થિતિ એવી જ છે. એટલા માટે ભારતના વડા પ્રધાન સમયાંતરે આવી અપીલો કરતા રહ્યા છે. વિશ્વના ત્રીજા સૌથી મોટા તેલ આયાતકાર દેશ, વધતી જતી ઊર્જા કિંમતને કારણે સર્જાયેલા આર્થિક સંકટને રોકવાનો પ્રયાસ કરી રહ્યો છે, ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીયોને ઘરેથી કામ કરવા અને જાહેર પરિવહનનો ઉપયોગ કરીને બળતણ બચાવવા વિનંતી કરી છે. ઈરાન પર અમેરિકાના હુમલા પછી આ પહેલી વાર છે જ્યારે વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશના વડા પ્રધાને નાગરિકોને ખર્ચ ઘટાડવાની અપીલ કરી છે. આર્થિક વિશ્લેષકો માને છે કે કેટલાંક ક્ષેત્રોમાં કરકસર માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ વિદેશી હૂંડિયામણના ભંડાર પર દબાણ ઘટાડવાનો સ્પષ્ટ સંદેશ આપે છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે મોદીની અપીલ ભારતીય અર્થતંત્રમાં મોટા સંકટ તરફ ઈશારો કરે છે.

ફેબ્રુઆરીમાં તેલનો ભાવ પ્રતિ બેરલ ૭૮ ડોલર હતો. ઈરાન પરના હુમલા પછી, તે ૧૨૬ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો હતો. હાલમાં, તે ૧૦૫ અને ૧૧૦ ડોલર પ્રતિ બેરલની આસપાસ છે. આ કારણે ભારતનું આયાત બિલ નોંધપાત્ર રીતે વધ્યું છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતનું તેલ આયાત બિલ ૧૭૬ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે, જે હજુ વધશે. અખાતી દેશોમાં અંદાજે ૯૦ લાખ ભારતીય કામદારો છે અને તેઓ જે નાણાં ભારતમાં મોકલતા હતા તેના પર અસર પડી છે. ત્રીજું, આપણા વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય બજારમાંથી નોંધપાત્ર પ્રમાણમાં નાણાં પાછા ખેંચી લીધા છે. આપણી વેપાર ખાધ વધી રહી છે. આપણી ચાલુ ખાતાની ખાધ વધી રહી છે અને તેના કારણે ડોલર સામે રૂપિયો ૧૦૦ ની નજીક પહોંચી ગયો છે. ભારત માટે એક માત્ર ઉકેલ એ છે કે નિકાસ વધારવી અને આયાત ઘટાડવી. પશ્ચિમ એશિયામાં યુદ્ધની ભારતના ચુકવણી સંતુલન પર અસર અંગે અર્થશાસ્ત્રીઓ ચિંતિત છે. ૨૦૨૫-૨૬ નાણાંકીય વર્ષમાં ભારતની વેપાર ખાધ ૩૩૩.૨ અબજ ડોલર હતી. ભારત તેની ખનિજ તેલની જરૂરિયાતોના ૯૦ ટકા આયાત કરે છે, જે તેને સૌથી મોટો ડોલર ખર્ચ કરનાર બનાવે છે. જાન્યુઆરીમાં નિકાસ અને આયાત વચ્ચેનો તફાવત વધીને ૩૪.૬૮ અબજ ડોલર થયો છે, જ્યારે એક મહિના પહેલાં તે ૨૫.૦૫ અબજ ડોલર હતો. જાન્યુઆરીમાં આયાત વાર્ષિક ધોરણે ૧૯.૨ ટકા વધીને ૭૧.૨૪ અબજ ડોલર થઈ, જ્યારે નિકાસ માત્ર ૦.૬ ટકા વધીને ૩૬.૫૬ અબજ ડોલર થઈ. કાચા તેલના વધતા ભાવ અને વૈશ્વિક અસ્થિરતા ભારતના વિદેશી હૂંડિયામણ ભંડાર પર ગંભીર દબાણ લાવી રહી છે. યુદ્ધ શરૂ થયા પછી ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર ૫ ટકા ઘટીને ૬૯૦ અબજ ડોલર થઈ ગયો છે, કારણ કે ભારતીય રિઝર્વ બેંક ડોલર વેચી રહી છે.

અગ્રણી ભારતીય ઉદ્યોગપતિઓએ ભારતની આર્થિક કટોકટી પર અનેક મહત્ત્વપૂર્ણ નિવેદનો આપ્યાં છે. કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક અને અગ્રણી બેંકર ઉદય કોટકે CII (કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી) ની વાર્ષિક વ્યાપાર પરિષદમાં ચેતવણી આપી હતી કે આપણે અત્યંત ખરાબ પરિસ્થિતિઓ માટે તૈયાર રહેવું જોઈએ. ઉદ્યોગપતિ સુનીલ ભારતી મિત્તલે પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન પર પોતાનો અભિપ્રાય આપ્યો છે કે તેમનો સંદેશો ખૂબ જ ગંભીર હતો. મારું માનવું છે કે ઉદ્યોગે આમાં પોતાની ભૂમિકા ભજવવી જોઈએ. આપણે સોનાની આયાતના આ જુસ્સામાંથી બહાર નીકળવું પડશે. આપણે આપણી ઊર્જાના ખર્ચમાં ઘટાડો કરવો પડશે. આપણે નવીનીકરણીય ઊર્જા ઉદ્યોગ તરફ ઝડપથી આગળ વધવું પડશે. બીજી બાજુ દેશનાં કરોડો નાગરિકો હવે સરકાર ક્યાં વધુ આકરાં પગલાં લેશે, તેની કલ્પના કરી રહ્યાં છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઘણાં લોકોએ સોશ્યલ મીડિયા પર પ્રશ્નો ઉઠાવ્યા હતા કે જે નેતાઓ સામાન્ય નાગરિકોને ઇંધણ બચાવવાની અપીલ કરે છે તેઓ પોતે મોટા કાફલા અને રોડ શો કેવી રીતે ચાલુ રાખી રહ્યા છે

પોલીસ કામગીરીને વધુ કાયદાકીય, સંવેદનશીલ બનાવવા DGP ડૉ. કે.એલ.એન.રાવનું કડક ફરમાન

હવે આરોપીઓનું 'જાહેર સરઘસ' કાઢવા પર પ્રતિબંધ

આરોપીઓને જાહેરમાં પરેડ કરાવવાના કારણે પોલીસ વિભાગની છબી ખરડાઇ હોવાનો પણ પરિપત્રમાં ઉલ્લેખ

હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદા, D.K. Basu કેસના નિર્દેશોના આધારે નિર્ણય લેવાયો

ગાંધીનગરઃ ગુજરાત પોલીસ દ્વારા આરોપીઓના માનવ અધિકારોના રક્ષણ અને પોલીસ કામગીરીને વધુ કાયદાકીય તથા સંવેદનશીલ બનાવવા માટે મહત્ત્વ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યના પોલીસ મહાનિદેશક ડૉ. કે. એલ. એન. રાવસ દ્વારા બહાર પાડવામાં આવેલી નવી માર્ગદર્શિકા મુજબ હવે આરોપીઓને જાહેરમાં સરઘસ કાઢવા, દોરડાથી બાંધવા અથવા તેમની સાથે અમાનવીય વર્તન કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ડૉ.રાવ દ્વારા ચાર પાનાનો સ્પષ્ટ પરિપત્ર રાજ્યના તમામ રેન્જ આઈજી, જિલ્લા પોલીસ વડા તથા પોલીસ કમિશનરોને ઈ-મેઈલ દ્વારા મોકલી દેવાયો છે. આ પરિપત્રના પગલે હવે રાજ્યભરમાં પોલીસ આરોપીઓની ટાંટિયાતોડ સર્વિસ કરી શકશે નહીં. પરિપત્રમાં સ્પષ્ટ જણાવાયું છે કે ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓ, ખાસ કરીને D. K. Basu vs State of West Bengal કેસમાં આપવામાં આવેલા નિર્દેશોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ કેટલાક બનાવોમાં આરોપીઓને જાહેરમાં પરેડ કરાવવાના કારણે પોલીસ વિભાગની છબી ખરડાઈ હોવાનું પણ પરિપત્રમાં ઉલ્લેખાયું છે.

BNSS-2023 હેઠળ કડક સૂચનાઓ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-2023ની જોગવાઈઓ મુજબ પોલીસ અધિકારીઓને અનેક મહત્ત્વપૂર્ણ સૂચનાઓ આપવામાં આવી છે. નવી માર્ગદર્શિકા અનુસાર આતંકવાદ, ડ્રગ્સ, હત્યા, બળાત્કાર અને એસિડ એટેક જેવા ગંભીર ગુનાઓમાં જ આરોપીને હાથકડી પહેરાવી શકાશે. અન્ય કિસ્સાઓમાં હાથકડીનો ઉપયોગ કરવા માટે મેજિસ્ટ્રેટની મંજૂરી ફરજિયાત રહેશે. આ ઉપરાંત આરોપીઓ પાસે જાહેરમાં ઉઠક-બેઠક કરાવવી, ઘૂંટણિયે ચલાવવું, મારકૂટ કરવી અથવા માફી મંગાવવી જેવી પ્રવૃત્તિઓને સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવામાં આવી છે.

નિયમોનો ભંગ કરનાર અધિકારીઓ સામે થશે કાર્યવાહી

ડીજીપીના પરિપત્રમાં ચેતવણી આપવામાં આવી છે કે જો કોઈ પોલીસ અધિકારી અથવા કર્મચારી આરોપીના માનવ અધિકારોનું ઉલ્લંઘન કરતાં જણાશે તો તેમના સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ માટે સંબંધિત ડીવાયએસપી, એસપી અથવા પોલીસ કમિશનર કક્ષાના અધિકારીઓની સીધી જવાબદારી નક્કી કરવામાં આવી છે. ગુજરાત પોલીસના જણાવ્યા મુજબ આ માર્ગદર્શિકાનો મુખ્ય હેતુ આરોપીના આત્મસન્માનનું રક્ષણ કરવો અને પોલીસ તપાસને સંપૂર્ણપણે કાયદાકીય મર્યાદામાં રાખવાનો છે.

ધરપકડ સમયે પોલીસ માટે પણ ફરજિયાત નિયમો

નવી માર્ગદર્શિકા મુજબ ધરપકડ કરતી વખતે પોલીસ અધિકારીએ પોતાનું નામ અને હોદો જણાવવો ફરજિયાત રહેશે. સાથે જ આરોપીને તેના પરિવારજનો અથવા મિત્રોને જાણ કરવાનો તેમજ પૂછપરછ દરમિયાન પોતાની પસંદગીના વકીલને મળવાનો અધિકાર પણ આપવામાં આવ્યો છે.

BUSINESS મિત્ર

રૂપિયો નબળો, વૈશ્વિક ફુગાવાની ચિંતા વચ્ચે શેરબજારમાં બેઉતરફી વધઘટ રહી

ચાર દિવસના ઘટાડા બાદ બજારે લીધો હાશકારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 13: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદન અને સોના-ચાંદીમાં આયાત ડયુટી વધારી દેવાના નિર્ણય બાદ શેરબજારમાં બેઉતરફી વધઘટ જોવા મળી હતી, પણ આજે ચાર દિવસના ઘટાડાનો સીલસીલો તોડી નાંખ્યો હતો અને નજીવા સુધારા સાથે સેન્સેક્સ-નિફ્ટી બંધ રહ્યા હતા. જ્યારે બેન્ક નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

એકબાજું સતત વિદેશી રોકાણકારોની વેચવાલી, રૂપિયાની નબળાઈ અને વૈશ્વિક ફુગાવાની ચિંતાઓ વચ્ચે સેન્ટિમેન્ટ નાજુક રહ્યું હતું, આમ છતાં, નિફ્ટી 23400ની સપાટીની ઉપર બંધ રહેવામાં સફળ રહી હતી. આજે શેરબજારને મેટલ શેરોની આગેવાની જોવા મળી હતી. તેની સાથે કન્ઝયુમર ડયુરેબલ્સ અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં વધારો જોવાયો હતો. જ્યારે આઈટી, ઓટો અને રિયલ્ટી શેરોમાં ઘટાડો નોંધાયો હતો. બ્રોડર માર્કેટમાં પણ ધીમો સુધારો આગળ વધ્યો હતો, જોકે, લાર્જકેપ શેરોની સરખામણીએ સારૂં પ્રદર્શન કર્યું હતું.

બીએસઈ સેન્સેક્સ 49.74 પોઈન્ટ એટલે કે 0.07 ટકા વધીને 74608.98 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 75191 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74134 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 33.05 પોઈન્ટ એટલે કે 23400 પોઈન્ટની સપાટી કુદાવીને 23412.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23582 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23262 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 99.005 પોઈન્ટ એટલે કે 0.18 ટકા ઘટીને 53456.15 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે આઈઆઈએફએલ ફાઈ. લિ.માં 13.95 ગણા, બર્ગર પેઈન્ટસમાં 9.64 ગણા, ફાઈવ સ્ટાર બિઝનેસ ફાઈ.માં 7.37 ગણા, બજાજ હોલ્ડીંગ્સમાં 4.62 ગણા અને વર્ધમાન ટેક્સટાઈલ્સમાં 4.25 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે પાઈન લેબ્સમાં 20.13 ગણા, બર્ગર પેઈન્ટસમાં 17.25 ગણા, આઈઆઈએફએલ ફાઈ.માં 7.74 ગણા, સેઈલમાં 7.59 ગણા અને એનએમડીસી સ્ટીલમાં 5.15 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં બેઉતરફી વધઘટે સારૂં પ્રદર્શન કરતા જોવા મળ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.71 ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.27 ટકા સુધર્યા હતા. જેઓએ લાર્જકેપ શેરોની સરખામણીએ સારૂં પ્રદર્શન કર્યું હતું. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસઈ ખાતે 2418 શેરો વધ્યા હતા, જ્યારે 1783 શેરો ઘટયા હતા. અને 168 શેરો યથાવત રહ્યા હતા.

મેટલ શેરોમાં ઝડપી ઉછળ્યો હતો, જેના લીધે નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 3.18 ટકા વધ્યા હતા. જેમાં સેઈલ, વેદાન્તા, હિન્દુસ્તાન કોપર, એનએમડીસી, અદાણી એન્ટર, હિન્દુસ્તાન ઝંક, નેલ્કો, ટાટા સ્ટીલ, હિન્દાલ્કો અને લોઈડસ મેટલ ઉછળ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ઈન્ડેક્સ ફયુચર્સ 127 પોઈન્ટનો ઘટાડો થયો હતો, જેથી આજે અમેરિકન બજારો નરમ ખુલવાના સંકેત આપી રહ્યા છે. જોકે, આજે યુરોપિયન બજારોએ પોઝિટિવ વલણ દર્શાવ્યું હતું, જે અગાઉના સત્રમાં નુકશાનથી પાછા ફર્યા હતા. જ્યારે પ્રધાનમંત્રી કીર સ્ટારમરે પદ છોડવાના આહાવનાનને નકારી કાઢ્યા બાદ યુકેની ગિલ્ટ યીલ્ડ પાછી આવી હતી. જોકે, યુએસ વાર્ષિક ફુગાવો માર્ચમાં 3.3 ટકા વધીને એપ્રિલ 2026માં 3.8 ટકા થયા પછી રોકાણકોરનું સેન્ટિમેન્ટ સાવચેત રહ્યું હતું. જે અપેક્ષાને વટાવી દીધું હતું, જે મૂ 2023 પછીના ઉચ્ચ સ્તરે પહોંચી ગયો હતો. જેમાં ઉર્જા ખર્ચમાં વાર્ષિક ધોરણે 17.9 ટકાનો વધારો થયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.13 ટકા અને ડેક્સ 00.65 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.21 ટકા ગટાડા સાથે બંધ રહ્યા હતા. એશિયન બજારોમાં નીક્કી 0.76 ટકા, સ્ટ્રેઈટસ 1.16 ટકા, હેંગસેંગ 0.12 ટકા, કોસ્પી 2.56 ટકા, અને શાંઘાઈ 0.66 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે તાઈવાન 1.27 ટકા અને જકાર્તા 2.02 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.63 રૂ.
યુરો	112.50 રૂ.
પાઉન્ડ	129.22 રૂ.
યેન	0.6069 રૂ.

સેન્સેક્સ	49.74	74608.98
નિફ્ટી	33.05	23412.60
બેન્ક નિફ્ટી	-99.05	53456.15

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એશિયન પેઇન્ટસ	4.47	2617.60
અદાણી એન્ટરપ્રાઇઝ	3.86	2498.00
ટાટા સ્ટીલ	3.59	219.62
હિન્દાલ્કો	3.04	1073.10
અદાણી પોર્ટ્સ	2.94	1737.80

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇસર મોટર્સ	2.17	6971.50
મહિન્દ્રા-મહિન્દ્રા	2.02	3111.80
પાવરગ્રીડ	1.57	301.50
ઇન્ફોસીસ	1.51	1123.10
ટાટા કન્ઝયુમર	1.44	1235.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એશિયન પેઇન્ટસ	4.37	2615.00
ટાટા સ્ટીલ	3.68	219.80
અદાણી પોર્ટ્સ	3.02	1740.00
બીઇએલ	2.93	428.80
ભારતી એરટેલ	1.78	1788.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	1.50	1123.40
મહિન્દ્રા-મહિન્દ્રા	1.49	3128.95
સન ફાર્મા	1.17	1824.30
ટેક મહિન્દ્રા	1.13	1376.55
ટીસીએસ	1.21	2272.70
સન ફાર્મા	1.17	1824.30
ટેક મહિન્દ્રા	1.13	1376.55

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.		૭૫/૩૬ ''	૧૩૨	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૪.૫	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૩
૩૦/૩૬ એફડી	૨૭૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૨
૬૮/૩૬	૧૪૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૪	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૩	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૪	૮૦/૭૨ રોટો	૧૩૮.૫	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૬.૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૯	૮૦/૭૨ રોટો	૧૩૮
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ''	૧૩૬	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૭

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૦૦	કોપરેલ	૫૩૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૮૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૭૫	સનફલાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૬૫૦	તલતેલ	૫૧૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૪૦૦	દિવેલ	૨૪૭૦
કપાસીયા (૫ લિ.)	૮૫૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૪૦૦
એમ-30	૪૩૫૦
એસ-30	૪૨૫૦
ગુજરાત	
એમ-30	૪૨૫૦
એસ-30	૪૧૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સ્ટાન્ડર્ડ સોનું	૧૬૫૩૯૦
તેજાબી સોનું	૧૬૫૩૦૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૭૧૨૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૬૨૦૮૦
સોનાનાં બિસ્કીટ	૧૬૫૩૯૦૦
ચાંદી (૯૯૯)	૨૯૪૭૦૦
ચાંદી સિક્કા	૨૯૬૨૦૦

જો આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ સતત વધતા રહે, તો ભારતનું કુલ આયાત બિલ (ડોલરમાં) ઘટવાને બદલે વધી શકે

સોનાની આયાત ઓછી કરવાના કોઇ પગલાં સફળ થયાં નથી

ઉલટું દાણચોરી વધે છે

ભારતીયો પાસે 30000 ટન સોનું હોવાનો અંદાજ

સોનાની આયાત ઓછી કરવા માટે શરૂ કરાયેલી ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ અને સોવરિન ગોલ્ડ બોન્ડ પણ બંધ કરવી પડી

ભારત સરકારે બિન-જરૂરી આયાત ઘટાડવા અને વિદેશી હૂંડિયામણ બચાવવા માટે સોના પરની આયાત જકાત 6% થી વધારીને 15% કરી છે. આ નિર્ણય પાછળના મુખ્ય કારણો અને તેની અસરો નીચે મુજબ છે:

૧. આયાત જકાત કેમ વધારવામાં આવી?

ભારત ચીન પછી વિશ્વમાં સોનાનો બીજો સૌથી મોટો આયાતકાર દેશ છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે ખાતર, ખાદ્ય ચીજવસ્તુઓ અને ક્રૂડ ઓઈલનું આયાત બિલ પહેલાથી જ ઘણું ઊંચું છે. આ સ્થિતિમાં, સોનાના વપરાશને ઘટાડીને ક્રૂડ ઓઈલ જેવી આવશ્યક વસ્તુઓ માટે વિદેશી ભંડોળ સુરક્ષિત રાખવા અને રૂપિયાને ટેકો આપવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

૨. સોનાના ભાવ પર શું અસર પડી?

ડ્યુટી વધારાની સીધી અસર ભાવ પર જોવા મળી છે. રાષ્ટ્રીય રાજધાની (દિલ્હી) માં ૨૪-કેરેટ સોનાનો ભાવ જે મંગળવારે ₹1,56,800 (પ્રતિ 10 ગ્રામ) હતો, તે બુધવારે વધીને ₹1,65,350 થયો છે.

૩. ભારતમાં સોનાની આયાત અને જથ્થો

આયાતઃ વર્ષ 2025-26માં ભારતની સોનાની આયાત 24% વધીને 71.98 અબજ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી. જોકે, જથ્થાની દ્રષ્ટિએ આયાતમાં 4.76% નો ઘટાડો (કુલ 721.03 ટન) નોંધાયો હતો.

રિઝર્વ બેંક પાસે જથ્થોઃ RBI પાસે 880.52 મેટ્રિક ટન સોનું છે.

ખાનગી જથ્થોઃ એસોચેમના અંદાજ મુજબ, ભારતીય પરિવારો પાસે અંદાજે 30,000 ટન સોનું છે, જેની કિંમત લગભગ 5 ટ્રિલિયન ડોલર છે. આ વિશ્વનો સૌથી મોટો ખાનગી સોનાનો ભંડાર છે.

૪. અર્થતંત્ર પર અસર

મોંઘવારીઃ આ વધારાની અસર મે મહિનાના રિટેલ મોંઘવારીના ડેટામાં જોવા મળશે.

ચાલુ ખાતાની ખાધ (CAD): આંતરરાષ્ટ્રીય સ્તરે સોનાના ભાવ ઊંચા હોવાથી, આયાત ઘટવા છતાં બિલ મોંઘું રહેશે, તેથી CAD પર બહુ મોટી રાહત મળવાની શક્યતા ઓછી છે.

રૂપિયોઃ રૂપિયો હાલમાં દબાણ હેઠળ છે અને ડોલર સામે 95.80 ની વિક્રમી નીચી સપાટીએ પહોંચ્યો છે.

૫. પડકારો અને ભૂતકાળના પગલાં

સરકાર ભલે જકાત વધારીને જથ્થાત્મક આયાત ઘટાડવાનો પ્રયાસ કરે, પરંતુ જો આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ સતત વધતા રહે, તો ભારતનું કુલ આયાત બિલ (ડોલરમાં) ઘટવાને બદલે વધી શકે છે. આનાથી વિદેશી હૂંડિયામણ બચાવવાનો મૂળ હેતુ જોખમાય છે.

દાણચોરીનું જોખમઃ જ્યારે કાયદેસરની આયાત પર ટેક્સ ખૂબ વધી જાય (જેમ કે અત્યારે 15% થયો છે), ત્યારે સત્તાવાર બજાર અને અનધિકૃત બજાર વચ્ચેના ભાવમાં મોટો તફાવત સર્જાય છે. આ નફો મેળવવા માટે ગ્રે માર્કેટ અને દાણચોરી કરતા સિન્ડિકેટ્સ સક્રિય થાય છે. આનાથી માત્ર સરકારની આવક જ નથી ઘટતી, પણ અર્થતંત્રમાં 'કાળા નાણાં'નું ચલણ પણ વધે છે.

સ્મગલિંગ (ચોરી-છૂપીથી આયાત): ઉંચી ડ્યુટીને કારણે ગ્રે માર્કેટ અને સિન્ડિકેટ સક્રિય થવાનો ભય રહે છે, જે સોનાની દાણચોરીમાં વધારો કરી શકે છે.

ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમઃ 2015માં શરૂ થયેલી આ યોજના 2025માં બંધ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ લોકોના ઘરમાં પડેલા બિનઉપયોગી સોનાને ઉત્પાદક હેતુઓ માટે એકત્રિત કરવાનો લક્ષ્યાંક હતો.

સોવરિન ગોલ્ડ બોન્ડ (SGB): ડિજિટલ સ્વરૂપે સોનું ખરીદવા માટે શરૂ કરાયેલી આ યોજના પણ 2025માં બંધ કરી દેવામાં આવી હતી, કારણ કે તે સરકાર માટે મોંઘું દેવું સાબિત થઈ રહી હતી.